NCS Code: NA, CCode: LG03

# કોર્પોરેટ કાનૂની સલાહકાર/અનુપાલન અધિકારી

કોર્પોરેટ કાનૂની સલાહકાર અથવા અનુપાલન અધિકારી એ સુનિશ્ચિત કરે છે કે તમામ કોર્પોરેટ પ્રક્રિયાઓ અને કાર્યવાહિઓ કાયદાનું પાલન કરે છે. તેઓ આંતરિક ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે પણ જવાબદાર છે. એક અનુપાલન અધિકારીની ગેરહાજરીમાં, કંપનીઓ પર લાગુ કાયદાઓ અને નિયમોના ઉલ્લંઘનનું જોખમ ઉભું થાય છે, આમ કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે છે અને દંડ પણ ભરવો પડી શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક ઉત્તમ સંવાદકર્તા છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે તમારા કામનો રેકોર્ડ સારી રીતે રાખી શકો છો
- તમે વિગતો પર ધ્યાન આપો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સ્નાતક (LLB / BA / BSc / BCom / BBA)ની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. લૉ કૉલેજમાં પ્રવેશ માટે, તમારે સી.એલ.એ.ટી., એ.આઈ.એલ.ઈ.ટી., એલ.એસ.એ.ટી., એમ.એચ. સી.ઈ.ટી. લૉ, ટી.એસ. લો.સી.ઈ.ટી., એ.પી. લો સી.ઈ.ટી., ડી.યુ. એલ.એલ.બી., પી.યુ. એલ.એલ.બી., એસ.એલ.એલ. એ.આઈ.એ.ટી. જેવી પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

કોર્પોરેટ કાનૂની સલાહકારનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૪,૨૫૦ થી ૨,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://payscale.com/research/IN/Job=Legal_Advisor/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી સંસ્થાઓ, ખાનગી પેઢીઓ, સમાજ કલ્યાણ માટેની સમિતિઓ, ઉદ્યોગ ગૃહો, બિન-સરકારી સંસ્થાઓ તેમજ આંતરરાષ્ટ્રીય કમિશન વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સલાહકાર તરીકે અથવા ફ્રીલાન્સર તરીકે કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે મોટી કંપનીઓના કાયદા વિભાગમાં કામ કરશો. જો જરૂરી હોય તો તમારે કોર્ટમાં પણ જવું પડી શકે છે, પરંતુ મોટાભાગનો સમય ઓફિસમાં પસાર થાય છે. તમે દિવસમાં ઓછામાં ઓછા ૮ કલાક કામ કરશો, જો કે તમારે કામ તેમજ તમે કેટલા ક્લાયન્ટને સેવાઓ પુરી પાડો છે તેના આધારે તમારે ઓવરટાઈમ કરવાની પણ જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર વકીલ → પ્રેક્ટિસિંગ લોયર / સહયોગી સલાહકાર → વરિષ્ઠ વકીલ / સલાહકાર → ભાગીદાર **અથવા** જુનિયર લીગલ ઓફિસર → લીગલ ઓફિસર → સિનિયર લીગલ ઓફિસર → જી.એમ./ એસોસિયેટ → વાઈસ પ્રેસિડેન્ટ (લીગલ) → પ્રેસિડેન્ટ (લીગલ અને કોર્પોરેટ અફેર્સ)

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લીગલ ઈન્ટર્ન, લીગલ એડવાઈઝર, લીગલ કાઉન્સેલ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા/અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગવર્મેન્ટ લૉ કૉલેજ, અમદાવાદ
૨. એન.એલ.યુ., દિલ્હી
૩. આઈ.એલ.એસ., પુણે
૪. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત
૫. એન.યુ.જે.એસ., કોલકાતા
૬. જે.એમ.આઈ., દિલ્હી
૭. જી.એન.એલ.યુ., ગાંધીનગર
૮. એમએસયુ, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. આર્મી ઈન્સ્ટિટ્યુટ ઓફ લો, મોહાલી
૩. સ્કૂલ ઓફ લો, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૪. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઑફ લૉ, ભુવનેશ્વર
૫. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ
૬. જિંદાલ ગ્લોબલ લો સ્કૂલ, સોનીપત
૭. સ્કૂલ ઑફ લૉ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ અને યુનિવર્સિટી સ્ટડીઝ
૮. પારૂલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**તેજલ પાટીલ** વિપ્રોમાં જનરલ કાઉન્સેલ છે. તેણી સમગ્ર એશિયા પેસિફિકમાં કાયદા, સુશાસન અને અનુપાલનના ક્ષેત્રમાં કામ કરવાનો લગભગ ત્રણ દાયકાનો અનુભવ ધરાવે છે. વિપ્રોમાં તેઓ જનરલ કાઉન્સેલની ભૂમિકાની સાથે સાથે અનુપાલન, ગ્લોબલ ડેટા પ્રાઈવસી અને સરકારી બાબતોને લગતા કાર્યોનું પણ નેતૃત્વ કરે છે. તેણીએ મુંબઈની સરકારી લો કોલેજમાંથી કાયદાની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે અને બોમ્બે ઈન્કોર્પોરેટેડ લો સોસાયટી અને લો સોસાયટી ઓફ ઈંગ્લેન્ડ અને વેલ્સના પ્રમાણિત સોલિસિટર છે. તેણીને લીગલ ૫૦૦ જી.સી. પાવરલિસ્ટ, જી.સી. ઈન્ફ્લુઅન્સર (ચેમ્બર્સ), કાયદામાં ટોચની ૧૦૦ શક્તિશાળી મહિલાઓ, આઈ.સી.સી.એ. અને કમ્પ્લાયન્સ ઈકોસિસ્ટમમાં તેમના અનુકરણીય યોગદાન માટે માન્યતા આપવામાં આવી છે.*

સ્રોત: https://www.wipro.com/leadership/tejal-patil

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.